R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૯

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :ર/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 22•ISSUE: 37 DATE: 15-09-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## વિશ્વમાં નશીલી દવાઓ બનાવતા ૨૧ દેશોની યાદીમાં ભારતને સામેલ કરતાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતને એક વધુ લપડાક મારી છે.ટ્રમ્પે નશીલી દવાઓનું ઉત્પાદન કરનારા અને એવી દવાઓ બહાર મોકલનારા દેશોમા ભારતને અન્ય ૨૧ દેશોની સુચિમાં સામેલ કરી દીધા છે.મોટાપાયે ડ્રગ્સ બનાવનાર અને તેને બહાર મોકલનાર અન્ય એશીયન દેશોમાં અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને મ્યાંમાર પણ સામેલ કરાયા છે.

ભારત ઉપરાંત બહામાસ, બેલિઝ,બોલિવીયા, કોલંબિયા, કોસ્ટારિકા, ડોમિનિકન રિપબ્લીક, ઈક્વાડોર, અલસાલ્વાડોર, ગ્વાટેમાલા, હૈતી, હોન્ડુરસ, જમૈકા, લાઓસ, મેક્સીકો, નિકારાગુવા, પનામા, પેરુ અને વેનેજુએલા જેવા દેશો પણ આ યાદીમાં સામેલ છે. ટ્રમ્પે કહ્યુ હતું કે આ યાદીમાં દેશોને રાખવા પાછળના કારણોમાં ભૌગોલિક,વ્યાવસાયિક અને આર્થિક કારણો છે જેના કારણે નશીલા પદાર્થોને બહાર મોકલવામાં આવે છે. અને તેનું ઉત્પાદન થાય છે.આવું ત્યાની સરકારો નશીલા પદાર્થો પર અંકુશ માટે નક્કર અને સતત કદમ ઉઠાવી રહી હોય તો પણ બની રહ્યું છે.ટ્રમ્પે કહ્યુ હતું કે અમેરિકા નશીલી દવાઓનુ ઉત્પાદન કરતા અને તેને બહાર મોકલતા દેશોમાં આવી પ્રવૃત્તિ ઘટે એ માટે કટિબધ્ધ છે.આ ઉપરાંત અમેરિકા ઓવર પ્રિસ્કીપ્શનની પ્રવૃત્તિને પણ ડામવા માગે છે એમ પણ તેમણે કહ્યુ હતું.તેમણે ચિંતા વ્યક્ત કરતાં કહ્યુ હતું કે કોલંબિયા,મેકસિકો



અને અફઘાનિસ્તાનમાં નશીલી દવાઓનું ઉત્પાદન મોટાપાયે ચાલી રહ્યું છે.જે ઘણું ચિંતાજનક છે. આ ઉત્પાદન રેકોર્ડ સ્તરે પહોચ્યું છે.તેમણે તેવો દાવો કર્યો હતો. તેમણે કહ્યુ હતું મેકસિકોમાં ઉત્પાદિત હેરોઇન અને કોલંબિયાના કોકેઇનથી અમેરિકામાં હજારો લોકો મોતને ભેટે છે.

## રિઝર્વ બેન્કના પુર્વ ગર્વનરે પીએમ ઓફીસને કૌભાડીઓની યાદી સોપી હતી પરંતુ કાર્યવાહી કરવામાં આવી નહીં



રિઝર્વ બેન્કના પુર્વ ગર્વનર રઘુરામ રાજને સંસદીય સમિતિને સોપેલા એક રિપોર્ટમાં જણાવ્યુ હતું કે તેમણે દેશના હાઇ પ્રોફાઇલ કૌભાંડીઓની એક યાદી પીએમઓને સોપી હતી.પરંતુ તેની પર કોઇ કાર્યવાહી કરવામાં આવી નહોતી.આ કાર્યવાહી કેમ કરાઇ નહોતી તેની કોઇ માહીતી નથી.સંસદીય સમતિના અધ્યક્ષ મુરલી મનોહર જોશીને આપેલા પોતાના રિપોર્ટમાં રાજને કહ્યુ છે કે બેન્ક કર્મચારીઓના અતિ ઉત્સાહ,સરકારની નિર્ણય લેવાની પ્રક્રીયામાં આળશ, આર્થિક વૃધ્ધિ દરમાં ઘટાડો એ વધી ગયેલા બિન કાર્યક્ષમ અકસ્યામતોનું પ્રમુખ કારણ છે. તેમણે ઉમેર્યુ હતું કે કોલસા ખાણોની ફાળવણીની સાથે તપાસની આશંકા જેવા રાજકીય કારણોને કારણે યુપીએ અને એનડીએ એમ બંન્ને સરકારોમાં નિર્ણય લેવાની પ્રક્રિયામાં વિલંબ થયો હતો. રાષ્ટ્રીયકૃત બેન્કોમાં કૌભાંડોની યાદી દિવસે-દિવસે વધી રહી છે.

સપ્ટે.૨૦૧૩થી ૨૦૧૬ સુધી રિઝર્વ બેન્કના ગર્વનર રહેલા રાજને સંસદીય સમિતિને જણાવ્યુ હતુ કે હું જ્યારે ગર્વનર હતો ત્યારે આરબીઆઇએ ફ્રોડ મોનીટરીંગનો એક વિભાગ બનાવ્યો હતો.જેથી તપાસ કરનારી સંસ્થાઓને ફ્રોડ કરનારની માહીતી અપાય. એ વખતે મે પીએમઓને એક હાઇપ્રોફાઇલ ફ્રોડનું લીસ્ટ મોકલ્યું હતું.અને તેમાંથી કોઇ એક અથવા બે કૌભાડીઓને પકડી લેવા ભલામણ કરી હતી. પરંતુ મને ખબર નથી કે એ દિશામાં શું પ્રગતિ થઇ છે ? આ એવો મામલો હતો કે તેના પર તત્કાળ કાર્યવાહીની જરુર હતી.પરંતુ એક પણ કૌભાંડીની કમનસીબે ધરપકડ થઇ શકી નથી.

પુર્વ ગર્વનરના રિપોર્ટ મુજબ સરકારે પગલાં લીધા નહી તેથી સરકાર દોષિત છે તેઓને કૌભાંડોની જાણકારી મળી હતી.હવે યુપીએ સરકારને બદનામ કરવા માટે તેમની પાસે કોઇ વિકલ્પ છે નહીં.

## સ્વાસ્થ માટે હાનિકારક ૩૨૮ દવાઓ પર સરકારનો પ્રતિબંધ : આવી દવાઓ વેચનાર મેડિકલ સ્ટોર્સ સામે ફરિયાદ થશે

મેડીકલ સ્ટોર્સમાં સરળતાથી મળતી દર્દ નિવારક દવા અને કફ સિરપ જેવી દવાઓ હવેથી મળશે નહીં. કેન્દ્ર સરકારે આવી ૩૨૮ દવાઓ પર પ્રતિબંધ મુકી દીધો છે. એમાં કેટલીક એવી દવા છે જે ડોકટરના પ્રિસ્કીપ્શન વિના સરળતાથી મળતી હતી. એ ફિક્સ્ટ્ ડોઝ કોમ્બીનેશન(એફડીસી)દવા છે. એમાં એબોટ,પીરામલ,મેક્લિઓડ્સ, સિપ્લા અને લ્યુપીન જેવી કેટલીક મોટી બહુરાષ્ટ્રીયકંપનીઓની કમાણીને અસર પહોચશે.

દેશમાં આ પ્રકારની ખતરનાક દવાની લગભગ ૬૦૦૦ જેટલી બ્રાન્ડ છે. આ દવા દર્દીઓ માટે ખતરનાક છે. ડ્રગ ટેકનોલોજી એડવાઇઝરી બોર્ડએ મંત્રાલયને ભલામણ કરી છે.ડીએટીબીની આ ભલામણ ગત વર્ષે સુપ્રીમ કોર્ટે આપેલા આદેશ બાદ કરાઇ છે.હવે કેન્દ્ર સરકારે આ દવા પર પ્રતિબંધ મુકવા માટે જાહેરનામું પ્રગટ કરી દીધું છે.

જોકે એવું પણ કહેવાય છે કે આ માટે કોર્ટના દરવાજા ખટખટાવામાં આવશે. ડીએટીબી એ એમ કહ્યુ છે કે આ દવા દર્દી માટે ખતરનાક હોઇ શકે છે. આ ૩૨૮ દવા પર પ્રતિબંધ લાગવાથી હવે મેડીકલ સ્ટોર્સ પર એનું વેચાણ ગેરકાનુની લેખાશે. જો કોઇ મેડિકલ સ્ટોર્સ આ દવા વેચશે અને પકડાશે તો મેડિકલ સ્ટોર્સના માલિક પર એફઆઇઆર દાખલ કરાશે.


### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૯- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬


## એનએસજીના સભ્યપદ મેળવવાના પ્રયાસોને ચીને વિટો વાપરીને અટકાવ્યા

ભારત પાસે એનએસજીનું સભ્યપદ મેળવવાની તમામ યોગ્યતા છે અને અમેરિકા પણ તેની તરફેણ કરી રહ્યું છે ત્યારે ૪૮ સભ્યોના બનેલા જુથમાં ભારત સભ્યપદ મેળવવા માટે ભારે પ્રયાસ કરી રહ્યું છે પરંતુ તેના પ્રયાસને ચીને વીટો વાપરીને અટકાવ્યો છે.અમેરિકાએ જણાવ્યુ હતું કે ભારત પાસે આ સભ્યપદ મેળવવાની લાયકાત છે અને અમે ભારતને આ સભ્યપદ મળે માટે ઉત્સુક છીએ અને તેની તરફેણ કરીએ છીએ.ચીન આ બાબતે મક્કમ છે કે જુથના નવા સભ્યે પરમાણું બિનપ્રસાર સંધિ પર હસ્તાક્ષર કરેલા હોવા જોઇએ.ભારતે એનપીટી પર હસ્તાક્ષર કરેલા નથી.

## પાંચ રાજ્યોની વિધાનસભાની ચુંટણી ડિસેમ્બરના બીજા સપ્તાહમાં કરાશે

દેશમાં લોકસભા ૨૦૧૯ની ચુંટણી પહેલા મધ્યપ્રદેશ,રાજસ્થાન, છત્તીસગઢ, તેલંગાણા અને મિઝોરામની વિધાનસભાની ચુંટણીઓ પર સૌની નજર છે.ચુંટણી પંચે આ પાંચેય રાજ્યોની વિધાનસભાની ચુંટણીઓ અંગેની મોટાભાગની તૈયારીઓ કરી દીધી છે.હવે આ બાબતે ચુંટણી પંચ તે અંગેની સત્તાવાર જાહેરાત કરશે.જો કે ચુંટણી પંચના સુત્રો દ્વાર આ પાંચેય રાજ્યોમાં ડિસેમ્બરના બીજા સપ્તાહમાં ચુંટણીઓ યોજાય તેવી શક્યતાઓ વ્યક્ત કરાઇ હતી.૨૦૧૩માં છત્તીસગઢ વિધાનસભાની ચુંટણી બે તબક્કામાં યોજાઇ હતી જો કે આ વખતે છત્તીસગઢ વિધાનસભાની ચુંટણી એકજ તબક્કે યોજાશે.આ સાથે તેલંગાણાની ચુંટણીઓ પણ યોજાશે.ચુંટણી પંચ દ્વારા અંતિમ મતદાર યાદીની ઘોષણા કરવામાં આવશે.જે ૮મી ઓક્ટો. સત્તાવાર રીતે પ્રસિધ્ધ કરાશે.

છત્તીસગઢ,મધ્યપ્રદેશ અને રાજસ્થાન વિધાનસભાની મુદત અનુક્રમ૫.,૭, અને ૨૦ જાન્યુઆરીએ પુર્ણ થાય છે.


ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

પેટ્રોલના ભાવને હંમેશા મુદ્દો બનાવતી રહેતી ભાજપ સરકાર પેટ્રોલની કિંમતોને મુદ્દે જ ફસાઇ ગઇ છે.સરકાર પેટ્રોલના ભાવોનું નિયંત્રણ કરી શકે તેમ નથી એવું નથી.પરંતુ પેટ્રોલ પર હાલમાં લગભગ ૮૫ ટકા ટેક્સ વસુલ કરવામાં આવે છે.તે માટે પેટ્રોલિયમ પ્રોડકટને જીએસટી મર્યાદાથી બહાર રાખવામાં આવે છે.સરકાર આવું કેમ કરે છે તે તેની કેવી મજબુરી છે તે માટે સરકાર જ કહી શકે.પેટ્રોલની કિંમતો ઘટાડી શકાય તેમ છે.ભાજપ જ્યારે વિરોધ પક્ષ હતો ત્યારે કોંગ્રેસની યુપીએ સરકારને આ બાબતે ઘણી બધી સલાહો આપી હતી અને આજે એ સત્તા પર છે ત્યારે તે આવી સલાહોને અવગણે છે.પેટ્રોલની કિંમતો વધવા પાછળનું કારણ એવું મનાય છે કે નોટબંધી પછી જીએસટી ન નહી પણ બીન સરકારી સંગઠનો પર નિયંત્રણ,હજારો નાની મોટી કંપનીઓ પર કાર્યવાહી વગેરે એવા કારણો છે કે જેણે દેશમાં કામધંધો ઘટાડ્યો છે અને ટેકસના રુપમાં આવતાં નાણાં ઓછા થયા છે.સરકાર એ વાતનો સ્વીકાર કરતી નથી પરંતુ એ હકીકત છે.સરકારને ખર્ચ પુરા કરવા માટે સૌથી સરળ વિકલ્પ પેટ્રોલનો છે તેથી પેટ્રોલની કિમતો ઘટતી નથી.સરકારની મહેસુલી આવક અને કર આવકમાં ઘટાડો થાય અને આ બધાની ભરપાઇ જીએસટીથી તો ના થઇ શકે કેમકે જીએસટીને સારો કાયદો બનાવવા માટે તમામ માંગણીઓ સામે ટેક્સ ઘટાડવો પડે છે. તેથી પેટ્રોલ સૌથી સરળ વિકલ્પ છે તે તો વેચાશે જ અને સંજોગોવસાત આંતરરાષ્ટ્રીય બજારમાં કિમતો ઘટતા સરકારી આવક મોરચે પણ સારી ભરપાઇ થઇ શકી છે.સમસ્યા વધુ વિકટ ત્યારે બનશે જ્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડના ભાવો વધશે ત્યારે સરકારની સ્થિતિ વિકટ બનશે.તેવી સ્થિતિ આવશે ત્યારે સરકારે ભાવ ઘટાડવા માટે ટેક્સ ઘટાડવા પડશે.સરકારના ઇરાદા સારા હોઇ શકે પરંતુ દેશની સામાજિક અને આર્થિક દશા પરની નાડ પર આંગળી રાખનારા વિદ્વાનો તે મુદ્દે સહમત નથી.તેમનું કહેવુ છે કે બુલેટ ટ્રેન અને સ્માર્ટ સીટી જેવી મહત્વાકાંક્ષી અને ખર્ચાળ યોજનાઓથી ના ગરીબી દુર થશે કે ના રોજગારીનું સર્જન થશે.

(સાભાર -સંદેશ વિચાર સેતુ)

## મંતવ્ય

વિજય માલ્યા અને નાણાંમત્રી અંગેનો વિવાદ રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે.વિજય માલ્યા દેશ છોડીને જતાં પહેલા નાણાંમંત્રીને મળ્યા હતા તેવી વિરોધપક્ષોની વાતમાં તથ્ય છે.હવે નાણાં મંત્રી આ બાબતથી પીછો છોડાવવા માટે વિવિધ દલીલો કરી રહ્યા છે. જ્યારે વિરોધ પક્ષો એ તારીખની સીસીટીવી કેમેરાની કલીપ જોવાની વાત કરી રહ્યા છે.જે પુરાવા રુપે આ વાત સાચી કે ખોટી તે સાબિત કરી શકે છે. ભાજપાના વકીલો મનઘડત દલીલો કરીને વાતને ખોટી ઠેરવવાના પ્રયત્નો કરી રહ્યા છે પરિણામે ભાજપની આબરુના લીરા ઉડી રહ્યા છે.જે લોકો ચુસ્ત ભાજપીઓ છે તેમને વિરોધ પક્ષના આક્ષેપો ખોટા લાગી શકે પરંતુ હવે વધારે ને વધારે લોકોને ભાજપની વાતોમાં અવિસ્વાસ થવા લાગ્યો છે. સંપુર્ણ ભરોસો તુટી જાય તે પહેલાં વડાપ્રધાને જાગવાની જરુર છે અને સત્ય લોકો સમક્ષ લાવી આબરુ બચાવવાનો પ્રયત્ન કરવો પડે.

રમણભાઇ જે. વસાવા


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# દિલ્હીમાં હજારો ખેડુતો અને મજદુરોએ કાઢેલી રેલમાં સરકાર બદલી નાંખવાનો હુંકાર




કેન્દ્ર સરકારની ખેડુત અને મજુર વિરોધી નીતિઓનો વિરોધ કરવા રાજધાની દિલ્હીમાં હજારો ખેડુત,મજુર અને ખેતમજુરો સડક પર ઉતરીને રામલીલા મેદાનથી સંસદમાર્ગ સુધીની ઐતિહાસિક રેલીમાં વિરોધ પ્રદર્શન કર્યુ હતું.ખેડુત અને શ્રમિકોની રેલીના પ્રારંભ પહેલાં સીટુ અને કિસાનસભા દ્વારા તેમની માંગોની યાદી રજુ કરાઇ હતી.તેમાં કેન્દ્ર સરકાર પર ખેડુત અને મજુર વિરોધી હોવાનો આરોપ મુકવામાં આવ્યો હતો.ત્યારબાદ રામલીલા મેદાન ખાતેથી રેલીનો પ્રારંભ થયો હતો.જેમાં દેશભરમાંથી આવેલા હજારો ખેડુત,ખેતમજુરો અને શ્રમિકો જોડાયા હતા.રેલીમાં પુરગ્રસ્ત કેરળના ખેડુતો પણ જોડાયા હતા.રેલીને કારણે દિલ્હીના અનેક માર્ગ પર ચક્કા જામ સર્જાયો હતો.

રેલીમા જોડાયેલા ખેડુતો અને શ્રમિકોએ જણાવ્યુ હતું કે જો સરકાર ખેડુત અને શ્રમિક વિરોધી નીતિઓમાં બદલાવ નહીં લાવે તો અમે સરકાર જ બદલી નાંખીશું. ચુંટણી તો આવતી જતી રહે છે સરકારે નીતિઓમાં સુધારા કરવા જોઇએ. રામલીલા મેદાનથી શરુ થયેલી રેલી સંસદ માર્ગ પર જઇ જંતરમંતર સુધી પહોચી હતી. સંસદમાર્ગ પર રેલીને સંબોધન કરતાં ટ્રેડ યુનિયન અને ખેડુત સંગઠનોના નેતાઓએ જણાવ્યુ હતું કે રેલીમાં એકઠા થયેલા ખેડુત અને શ્રમિકોની સંખ્યા જ મોદી સરકારની નિષ્ફળતા દર્શાવે છે.રેલીમાં જોડાયેલા ખેડુત અને મજુરોએ કેન્દ્ર સરકારને ચેતવણી આપી હતી કે જો અમારી માંગો સ્વીકારવામાં નહીં આવે તો આગામી સમયમાં આંદોલન ઉગ્ર બનાવાશે.ખેડુતોએ જણાવ્યુ હતું કે આના પછીના પગલામાં દેશભરના રાજ્યોમાંથી ખેડુતો આવીને રાજધાનીને ઘેરાવ કરશે

### ખેડુતો અને શ્રમિકોએ કરેલી માંગણી :

૧.જીવનજરુરીયાતની વસ્તુઓમાં બેફામ મોંઘવારી પર લગામ કસો. ૨.ગરીબો માટેની જાહેર વિતરણ પ્રણાલી વ્યવસ્થિત બનાવો.૩.હાલની યુવા પેઢીને ઉચિત રોજગારીની તક આપો.૪.શ્રમિકો માટે લઘુત્તમ વેતન માસિક રૂ.૧૮૦૦૦કરો. ૫. શ્રમકાયદાઓમાં મજુર વિરોધી સુધારા ન કરો.૬.ખેડુતો માટે સ્વામીનાથન કમીટીની ભલામણોનો અમલ કરો.૭.ખેતમજુરો માટે સારા કાયદા ઘડો.૮.દરેક ગ્રામીણ વિસ્તારમાં



મનરેગાનો યોગ્ય અમલ થાય.૯.ખાદ્ય,આરોગ્ય શિક્ષણ અને ઘરની સુવિધા.૧૦.શ્રમિકોને ઠેકેદારપ્રથામાં મુક્તિ આપો.૧૧.જમીનસંપાદનના નામે ખેડુતોની જમીનો આંચકી ના લો.૧૨.આંગણવાડી અને આશાને માન્યતા આપો.

# યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું કે ભારત સામે અમારુ ઉગ્ર વલણ હોવા છતાં તેઓ વ્યાપાર માટે આતુર

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ જણાવ્યુ છે કે અમારુ આકરુ વલણ હોવા છતાં ભારત તેમની સાથે વ્યાપાર કરાર કરવા ઇચ્છે છે. ટ્રમ્પે અમેરિકાને વિકાસશીલ દેશ ગણાવતાં કહ્યુ હતું કે એને પણ ગતિ વિકાસની જરુર છે. આના કારણે જ ટ્રમ્પ હવે એ સબસીડી ખતમ કરવા ઇચ્છે છે જે ભારત અને ચીન જેવી અર્થવ્યવસ્થા કરી રહી છે.



પ્રમુખ ટ્રમ્પની નજરમાં અમેરિકા વિકાસશીલ દેશ છે અને એ ઇચ્છે છે કે અન્ય દેશોની તુલનામાં એ તીવ્ર ગતિથી વિકાસ કરે. એ ભારત પર અમેરિકી ઉત્પાદકો પર ૧૦૦ ટકા ડ્યુટી લગાવવાનો આરોપ લગાવતા રહ્યા છે. ટ્રમ્પે વધુમાં કહ્યુ છે કે ભારતથી બીજા દિવસે ફોન આવ્યો હતો અને કહ્યુ હતું કે અમે પ્રથમ વખત વ્યાપાર કરાર કરવા ઇચ્છીએ છીએ. જો કે એમણે એ જણાવ્યુ નથી કે ભારત તરફથી કોણે ફોન કર્યો હતો.

આ દરમિયાન અમેરિકી વહીવટી તંત્રના એક અધિકારીએ કહ્યુ હતું કે ભારત દ્વારા રશિયા પાસેથી એસ-૪૦૦ મિસાઇલ સંરક્ષણ પ્રણાલી ખરીદવાના મોટા સૈન્ય કરારને લઇને અમેરિકા ભારત સાથે વાતચીત ચાલુ રાખશે.જો કે અમેરિકાએ એક કાનુન અંતગર્ત રશિયા પાસેથી હથિયાર ખરીદવા પર પ્રતિબંધ મુક્યો છે.એવામાં ભારત રશિયા પાસેથી સંરક્ષણ હથિયાર ખરીદવાના કરાર કરે તો એ કાનુનનો ભંગ થશે.હજુ સુધી આ મામલે નિર્ણય બાકી છે. પ્રમુખને સર્વ સત્તા છે.

# સ્ત્રીનું સન્માન થાય ત્યાં દેવો પણ પ્રસન્ન થાય છે

ઈશ્વર વિશે કંઈ પણ લખવું-બોલવું અતિ અઘરુ છે. એવું જ સ્ત્રી માટે પણ કહી શકાય. ‘હરિ તારા નામ છે હજાર ‘એમ ‘ નારી તારા રુપ છે હજાર ‘ એવું કહેવું હોય તો કહી શકાય. આપણે એ ભુલવું જોઈએ નહીં કે,સ્ત્રી એક માતા છે. ભલે એના અનેક રુપો હોય, પણ એનામાં રહેલા માતૃત્વને શત શત વંદન કરીને પછી જ સ્ત્રી શબ્દ વિશે વાત કરી શકાય.શુંગારશતકમ્ (૨૦)માં કહ્યું છે : મુખ ચંદ્રકાન્તિમણિ જેવું, કેશ ઈન્દ્રીય નીલમણિ સમાન અનો હાથ પદ્મરાગમણિ જેવા હોવાના કારણે સ્ત્રીઓ રત્ન સ્વરુપ છે. એ રત્નને સાચવવાની જવાબદારી પુરુષની છે. કોઈએ કહ્યું છે : સ્ત્રીએ બ્રહ્માની ગમી જાય એવી ભુલ છે. એ ભુલ જ જગતજનની છે. મનુએ કહ્યું છે : સુયોગ્ય પત્ની પરિવારની શોભા અને ગૃહની લક્ષ્મી છે.એનામાં શું હોય છે ? એ શું કરી શકે છે ? વાલ્મીકી રામાયણ(૩-૧૩-૬)માં કહ્યું છે : સ્ત્રીઓ વિદ્યુતની ચપળતા, શસ્ત્રોની તીક્ષ્ણતા તથા ગરુડ એટલે કે વાયુની તીવ્ર ગતિનું અનુસરણ કરે છે.ધારે તે કરી શકવાની એનામાં ક્ષમતા છે.એ માત્ર પત્ની,દીકરી, માં, પ્રેમિકા, કે મિત્ર જ નથી, તે ઘણું બધું છે.વાલ્મીકી રામાયણ(૩-૪૫-૨૮)માં કહ્યું છે : સામાન્ય રીતે સ્ત્રીઓ વિનાય વગેરે ધર્મો વિનાની,ચંચળ,કઠોર તથા ઘરમાં ઝટપટ કરનાર છે.એથી વધારે વિગત તો વાલ્મિકીએ પોતાના રામાયણમાં એના શ્લોકોમાં સ્ત્રીઓ વિશે કહ્યું છે: સ્ત્રીઓ માટે ન ઘર, ન ચાદરનો ઘુંઘટ,ન પડદાની ચાર દિવાલો,ન ચકચકિત પડદા ન એવા પ્રકારના રાજસત્કાર જ આડ કરવાવાળા છે.સ્વજનોનો વિયોગ થવા છતાં, યુધ્ધભુમિમાં, સ્વયંવર સભા,. યજ્ઞશાળા એ લગ્નમાં લોકોની સામે ઘુંઘટ સિવાય આવવું કોઈ દોષ નથી. ઉઘાડા મોએ આવા સમયે આવવા માં કોઈ વાંધો હોઈ શકે જ નહી.તો એમાં બીજી જગ્યાએ કહ્યું છે : શું તમે તમારી સ્ત્રીઓને સંતોષ આપો છો ? શું તે તમારા દ્વારા સુરક્ષિત છે ? તમે એમના ઉપર વધારે વિશ્વાસ તો કરતા નથી કે ? તમારી ખાનગી વાત એને કહી દેતા નથી ને ?

સ્ત્રી -સ્ત્રી(સં)બૈરી(૨)પત્ની(૩) નામ પુર્વે આવતા સ્ત્રી વાચક નારી જાતિ બનાવે છે. દા.ત. સ્ત્રી કવિ,સ્ત્રી પ્રમુખ વગેરે. મનુએ કહ્યું છે : જ્યાં સ્ત્રીઓનું સન્માન થાય છે ત્યાં દેવો પ્રસન્ન થાય છે.આપણે સ્ત્રીનું સન્માન કરીએ છીએ એનો અર્થ એ થાય છે કે આપણે માતૃત્વને વંદીએ છીએ. સ્ત્રીએ શું કરવું જોઈએ ? ઘર્માંમૃત(૧૨-૨૮)માં કહ્યું છે : કુલીન સ્ત્રીઓએ સદાય પોતાના પતિના મનને અનુકુળ વ્યવહાર કરવો જોઈએ,કારણકે પતિવ્રતા સ્ત્રીઓ ધર્મ,લક્ષ્મી,સુખ અને યશની એકમાત્ર ધ્વજા હોય છે.ઘરની ઈજ્જત, આબરુ,માન-મોભો જે કાંઇ છે તે સ્ત્રી છે.સ્ત્રી જ કુળને તારી શકે અને ડુબાડી શકે છે. જે ઘરમાં કુળવાન સ્ત્રી હોય એ ઘરમાં સદાય શાંતિ અને આનંદ હોય છે.સ્ત્રી તો કુટુંબનું નાક છે.હસતા મુખે કોઈને આવકાર આપવો, અતિથિનો સત્કાર કરીને એની સગવડ સાચવવી, ગુણવાન સ્ત્રી એ અનેક પેઢીઓ તારી શકે છે. ચાણક્યશતકમ(૯૦)માં કહ્યું છે : કિસાન માટે હંમેશા સુકાળ છે અને નિરોગી સદા સુખી છે. જેના ઘરમાં પ્રેમાળ સ્ત્રી છે એના ઘરમાં સદાય ઉત્સવ જ છે. પ્રેમ તો જગતનો શ્વાસ છે. પ્રેમાળ પત્ની એ ઘરનો દીપક છે. પ્રેમાળ સ્ત્રી તો ધુપસળી જેવી છે.જે પોતે બળીને બીજાને સુગંધ આપે છે.સ્કન્ધપુરાણ(૫૯-૨૭)માં કહ્યું છે : નિમ્ન કુળમાં જન્મેલી ભક્તિવાન સ્ત્રી જો ભક્તિમાં પુત્રની જનની હોય તો તે કુલી છે એવું હું કહું છુ. આ બધી બાબતો જ્યારે કુળભેદ હતા ત્યારની છે.સમયના પરિવર્તનની સાથે સાથે સમાજ-જીવનમાં પણ પરિવર્તન આવતું રહે છે.પણ આપણા શાસ્ત્રો-પુરાણોમાં જે બાબતો જણાવેલી છે એને સમજવાની જરુર છે.એટલા માટે આપણે તે જોઈએ છીએ.યુગોથી સ્ત્રી એ જનેતા છે અને યુગો પછી પણ જનેતા જ રહેવાની છે. એનું માન-સન્માન એજ ભાવથી થવું જોઈએ. આપણે કહીએ છીએ કે સ્ત્રીના કારણેજ ઘર ઉજળું રહે છે.શુક્રનીતિ(૧-૧૧૪)માં કહ્યું છે : સ્ત્રીઓમાં જે આસક્તિ રાખતા નથી એમના માટે તે સુખદાયક હોય છે.કારણકે ઘરના કામમાં સ્ત્રી સિવાય બીજું કોઈ સહાયક બની શકતું નથી. ઘરની નાર જો કભારજા હોય તો એ ઘર તરફ કોણ ફરકે ?જ્યાં આવકાર ન મળતો હોય, પ્રેમથી કોઈ બોલાવનાર ન હોય , એ ઘેર કોઈ જાય ખરુ ?

આમ છતાં સ્ત્રીનું મન કોઈ કળી શકતું નથી.આપણે કહીએ છીએ કે બાળક કોનું છે એ મા સિવાય કોણ જાણે ?અગ્નિની જ્વાળાઓને વશમાં કરી શકાય છે.પવનને પણ પકડી શકાય છે. છંછેડાયેલા સાપને પણ વશમાં કરી શકાય છે.પણ કામિનીઓ(સ્ત્રીઓ)નું મન વશમાં કરી શકાતું નથી.જો કે દરેકનું મન તો ચંચળ જ છે. મનને કોઈ સિધ્ધ યોગી જ વશમાં કરી શકતા હોય છે. છતાં પુરુષના મનને વાંચી શકાય છે.એવું માનવાાં આવે છે.સ્ત્રીઓ જેની સાથે રહેતી હોય,જે ઘર વાતાવરણાં જીવતી હોય, એ પ્રમાણેજ જીવવાનો પ્રયત્ન કરતી હોય છે.

ડૉ કિશોરસિંહ સોલંકી,
(સૌ. સંદેશ)

# દીકરીના નામે ઘરની નેમપ્લેટ,મહારાષ્ટ્રમાં અનોખું આંદોલન

મહારાષ્ટ્રના લોકોએ અનોખું આંદોલન શરુ કર્યુ છે.અને એનું નામ છે નેમ પ્લેટ આંદોલન. આ આંદોલન દ્વારા લોકો પાતાના ઘરની નેમપ્લેટ પર પોતાની દિકરીનું નામ લખી રહ્યા છે.હમણાં સુધીમાં મહારાષ્ટ્રમાં લગભગ ૬૫૦૦ ઘરોની નેમપ્લેટ દીકરીઓના નામ લખાઈ ચુક્યા છે.મહારાષ્ટ્રની કુલ વસ્તીની તુલનામાં આ ભલે ઓછી સંખ્યા છે પરંતુ એનો પ્રભાવ ખુબ ઉંડાણપુર્વકનો છે. આ આંદોલનના માધ્યમતી પછાત વર્ગના લોકો પણ રુઢીવાદી વિચારને ખતમ કરી રહ્યા છે.અને દીકરીઓને પ્રોત્સાહીત કરી રહ્યા છે.આ આંદોલનની શરુઆત સ્કુલ ડી.પેમોડે એ કરી છે. જેણે પોતાની દીકરીઓની ઈચ્છા પુર્ણ કરવા માટે પોતાના ઘરના દરવાજા પર દીકરીના નામની નેમ પ્લેટ લગાડી છે.

આ આંદોલનને પ્રમોટ કરવા માટે હમણાં સુધીમાં ત્રણ જીલ્લાના ૮૦ ગામનો સંપર્ક કરાઈ ચુક્યો છે.પુતાબા અને અહમદનગરના ગ્રામ્ય વિસ્તારોમાં આ પહેલનું સ્વાગત કરાયું છે.અને પોતાના ધરની નેમપ્લેટ પર દીકરીઓના નામ લખવામાં આવ્યા છે.હવે એ નેમિંગ ઈવેન્ટને પારંપારિક તહેવાર તરીકે મનાવી રહ્યા છે.

શરુઆતમાં લોકોએ તેનો વિરોધ કર્યો હતો.પરંતુ ધીમે ધીમે હવે લોકો તેનો સ્વીકાર કરવા લાગ્યા છે અને તેની શરુઆત કરી દીધી છે.અને દીકરીના નામ સાથેની નેમપ્લેટ લગાડી દીધી છે.આ રીતે દીકરીઓ પ્રત્યે વ્હાલ દર્શાવાય તે જરુરી છે. જેથી દીકરીઓની ભૃણ હત્યા ઉપર વિજય મેળવી શકાય.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
કેર કોમ્પ્યુટર સેન્ટર
ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

માછલીઓની આંખો બે ફુટથી દુરની વસ્તુઓ જોઈ શકતી નથી.

વિશ્વમાં મળી આવતાં સૌથી નાના ઓકટોપસની લંબાઈ અઢી સે.મી.હોય છે.

મગરની જીભ તેના મોઢાના ઉપરના ભાગ સાથે જોડાયેલી હોય છે.તેને કારણે મગર ચાવવાની ક્રિયા કરી શકતોનથી.પરંતુ તેનો પાચનરસ એટલો શક્તિશાળી હોય છે કે તે લોખંડની વસ્તુઓ સુધ્ધાં પચાવી શકે છે.

# કેરાલાના ખ્રિસ્તી સમાજ માટે દેશ ગૌરવ લે છે : રાષ્ટ્રપતિ કોવિંદ



રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ભારતના શૈક્ષણિક ઢાંચામાં ખ્રિસ્તીઓનો ભારત દેશમાં અગત્નો રોલ છે તેમ જણાવ્યુ હતું.કેરાલા ખ્રિસ્તી સમાજમાટે તેમણે આભાર માનતાં કહ્યુ હતું કે ભારત દેશ માટે એક નમુનારુપ આદર્શવતું કાર્ય કર્યુ છે.તા.૭ ઓગષ્ટે સેંટ થોમસ કોલેજ,થીસુરમાં સેન્ટનરીનું ઉદ્‌ઘાટન કરતાં તેમણે કહ્યુ હતું કે કેરાલાના ખ્રિસ્તી સમાજનો ઈતિહાસ અને તેની ધરોહર દેશ માટે ગૌરવ લેવા સમાન છે.

કેરાલાના ખ્રિસ્તી સમાજ સૌથી જુનામાં જુના તરીકે વિશ્વમાં ગણના થાય છે.કેરાલાનો ઈતિહાસ અને તેની પૌરાણિક બાબતો ગૌરવ સમાન છે.જે ભારત માટે બિનસાંપ્રદાયિકતા માટે અજોડ નમુના રુપ છે.શિક્ષણની સૌથી મોટી ખુબી માત્ર ડીગ્રી મેળવવી તે નથી પરંતુ શિક્ષણ દ્વારા માનવતાની માવજત કરવી તે છે.એકબીજાને મદદ કરી તે માનવ સમાજ માટે અગત્યની બાબત છે.તે મારફતે તમે ઈશ્વરની સેવા કરી શકો છો.એ રીતે સેંટ થોમસ કોલેજ એક સજ્જનતાની સંસ્કૃતિ આપતી સંસ્થા છે.

તેમણે કહયુ હતું કે ગત દિવસોમાં હું ઈથોપીયાની મુલાકાતે ગયો હતો.તેઓએ ત્યાં જઈને જોયું હતું કે ત્યાં શિક્ષણ ક્ષેત્રે ભારતીય શિક્ષકોએ આપેલી સેવા વખણાયેલી છે.જેમાં મોટાભાગના શિક્ષકો કેરાલાના હતા અને ખ્રિસ્તી સમાજમાંથી આવેલા હતા.તેમણે ઈથોપીયાનું બાળકોના જનરેશનને શિક્ષણ આપવાનું કાર્ય કર્યુ છે.આ કોલેજ બે વિદ્યાર્થીઓ માટે ગૌરવ લે છે અને તે બે કેરાલાના મુખ્યમંત્રીઓ હતા. એક ઈ.એમ.ઈ નાબુદ્રીપાથ અને બીજા સી.અચ્યુત મેનન.

# જેએનયુ કેસમાં ૯૦૦ દિવસ પછી પણ હાઇકોર્ટમાં ચાર્જશીટ હજુ રજુ થઇ નથી

દેશદ્રોહના દિલ્હીની પ્રતિષ્ઠિત જવાહરલાલ નહેરુ યુની.થયેલા કેસમાં હજુ સુધી પોલીસે ૯૦૦ દિવસ પછી પણ ચાર્જશીટ દાખલ કરી નથી.જ્યારે નિયમ અનુસાર સીઆરપીસીની કલમ્ ૧૭૩ અંતગર્ત ૯૦ દિવસની અંદર ચાર્જશીટ દાખલ કરવી પડે.દિલ્હી પોલીસનો દાવો છે કે ધરપકડ કરાયેલા વિદ્યાર્થીઓમાં કનૈયાકુમાર, ઉમર ખાલીદ, અને અનિરુધ્ધ ભટ્ટાચાર્ય સિવાય કાશમીરના કેટલાક યુવાનો વિરુધ્ધ પોલીસ પાસે ખુબ મજબુત પુરાવા છે.આ કેસ હમણાં ટ્રાયલ પર ચાલી રહ્યો છે.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.
અમી સર્જીકલ
૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧
જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# દેશની બેન્કોની એનપીએની સમસ્યાને કારણે ઉભી થયેલ પરિસ્થિતિ ટાઇમ બોંબ જેવી છે જેના વિસ્ફોટથી અર્થતંત્ર તુટી પડે તેવી સ્થિતિનો ઇલાજ કરવો રહ્યો : રઘુરામ રાજન,પુર્વ રીઝર્વબેન્ક ગર્વનર

દેશના બેન્કીંગ ઉદ્યોગ પર મોટો ખતરો તોળાઇ રહ્યો ચે. બેન્કીંગ ઈતિહાસમાં સૌથી વધારે ખરાબ સમય અત્યારે ચાલી રહ્યો છે.બેન્કોની સામે એનપીએ(નોન પરફોર્મીંગ એસેટસ)ની સમસ્યા વિકરાળ સ્વરુપે છે.બેન્કોએ જે આડેધડ લોનો આપી હતી તે લોનો હવે પરત આવતી નથી.અને બન્કોના ડુબેલા રુપીયા જેને એનપીએ તરીકે ઓળખવામાં આવે છે.તાજેતરમાં લોકસભાની એસ્ટીમેટ કમિટિએ લખેલા પત્રના અનુસંધાનમાં રિઝર્વ બેન્કના ભુતપુર્વ ગર્વનર રાજને જે પત્ર લખ્યો હતો તે ખુબજ ચોકાવનારો છે.આ પત્રમાં રઘુરામ રાજને એનપીએની સમસ્યાના રહસ્યો પરનો પડદો ઉઠાવીને શબ્દો ચોર્યા વગર લખ્યું છે કે દેશની બેન્કો એક ટાઈમબોંબ ઉપર બેઠી છે અને જલ્દીથી આ બોંબને નિષ્ક્રિય કરવામાં નહીં આવે તો તેને વિસ્ફોટ થતાં કોઇ રોકી શકશે નહીં.

લોકસભાની એસ્ટીમેટ કમિટિએ દેશમાં સર્જાયેલી બેન્કોની ખરાબ હાલત અંગે પોતાનો પક્ષ રજુ કરવા માટે રિઝર્વ બેન્કના પુર્વ ગર્વનર રઘુરામ રાજનને તેડું મોકલ્યું હતું જો કે રઘુરામ રાજન રુબરુ ઉપસ્થિત થયા નહોતા પરંતુ પત્ર દ્વારા પોતાની વાત કમિટિ સમક્ષ રજુ કરી હતી. આ પત્રમાં રઘુરામ રાજને લખ્યુ છે કે અત્યારે બેન્કોની સામે જે ખરાબ લોનો પડેલી છે તે લોનો મોટાભાગે ૨૦૦૬થી ૨૦૦૮ દરમિયાન અપાયેલી છે.ભારતીય અર્થવ્યવસ્થા માટે આ સમયગાળો ખુબજ સારો હતો. આ સમયમાં બેન્કો બધાને લોનો આપવા આતુર હતી. આર્થિક વિકાસ દર જાળવી રાખવાની દોડમાં સામેલ હતી આ પરિસ્થિતિમાં બેન્કોએ સાવચેતી રાખવાની જરુર હતી કે જેમને લોન આપે તે કંપનીઓ અને ઉદ્યોગો લોન પરત કરવા માટે સક્ષમ છે કે નહીં? અને સમય જતાં આ લોન લેનારાઓ બેન્કને લોન પાછી આપશે કે નહીં ? બેન્કોએ આ સમય દરમિયાન એટલી મોટી લાપરવાહી દાખવી હતી કે જેમનો લોન પાછી ભરપાઇ નહીં કરવાનો ઈતિહાસ હતો તેવા લોકોને લોન આપીને બેન્કોએ મોટી ભુલ કરી હતી. જેના કારણે દેશમાં બેડ લોન્સની શરુઆત થઈ હતી.આ સમયમાં એવા લોકોને પણ લોન અપાઇ હતી જેમને જરુરજ નહોતી.બેન્કોને માત્ર ધંધો કરવાની જ પડી હતી.બેન્કો દેવામાં ઉતરી જશે તેની ચિંતા નહોતી.આ ભુલને કારણે દેશની દોડતી અર્થવ્યવસ્થા કમજોર પડી છે.



દેશની બેન્કોના વધેલા એનપીએના દોષનો ટોપલો સરકારી બેન્કોના માથે ફોડતાં રાજને પત્રમાં લખ્યું છે કે દેશની સરકારી બેન્કોએ લોન આપવામાં આચરેલી લાપરવાહી માફ થઇ શકે તેમ નથી.તેમણે કંપનીઓને લોન આપ્યા પછી તેઓ પ્રોજેક્ટ પાછળ નાણાં ખર્ચે છે કે નહીં તે જોવાની પણ જાણકારી લીધી નહોતી. પરિણામે ખોટી જગ્યાએ પૈસા વપરાયા.દેશની પ્રાઇવેટ બેન્કો જેમને લોન આપતી નહોતી તેવા લોકોને સરકારી બેન્કોએ લોન માટે લાલ જાજમ પાથરી દીધી.સતત ડિફોલ્ટર,કંપનીઓને સરકારી બેન્કોએ લોન આપવાનું ચાલુ રાખ્યું.

કોલસા કૌભાંડને કારણે બેન્કોનું એનપીએ વધી ગયું એટલે કે બેન્કોની બેડ લોન્સ વધી ગઇ. રિઝર્વ બેન્કના પુર્વ ગર્વનર રાજનનો તર્ક છે કે કોલસાની ખાણોના લાઇસંસ આપવાનું કૌભાંડ બહાર આવતાં તેમાં તપાસ મુકાઇ અને રાજકીય સમસ્યાઓને કારણે યુપીએ તથા ત્યારબાદની એનડીએ સરકારે કેટલાકનિર્ણયો લેવામાં વાર લગાડી જેના કારણે દેશના કેટલાક પ્રોજેકટોની કિંમત વધી ગઇ અને તેના કારણે બેન્કોની લોનો ભરપાઇ કરવામાં સમસ્યા ઉભી થવા માંડી.

રઘુરામ રાજનના આ નિવેદનથી કોગ્રેસને મોટી તકલીફમાં મુકાવું પડશે.અત્યારે બેન્કોની એનપીએ વધવા અંગે કોગ્રેસ ભાજપની નીતિઓને જવાબદાર ઠેરવી રહી છે ત્યારે રાજને બેન્કોના એનપીએના નીતિ માટે કોગ્રેસની આગેવાની હેઠળની યુપીએ સરકારને જવાબદાર ઠેરવતાં ભાજપ જોરમાં આવી ગયું છે.થોડાક દિવસો પહેલાં વડાપ્રધાને બેન્કોના ડુબેલા નાંણા માટે કોગ્રેસની આગેવાની હેઠળની યુપીએ સરકારને દોષિત ઠરાવી હતી.અને કહ્યુ હતું કે દેશમાં તે સમયે એવો માહોલ હતો કે નામદારોના એક ફોન પર બેન્કો અબજો રુપીયાનું ધિરાણ કરી દેતી હતી.આઝાદી પછી ૨૦૦૮ સુધીમાં બેન્કો એ કુલ ૧૮ લાખ કરોડ રુપીયાની લોન આપી હતી.પછીના ૬ વર્ષમાં આ આંકડો ૫૨લાખ કરોડ પર પહોંચી ગયો હતો.લોકો પાસે એક એક પાઇની વસુલાત કરવામાં આવશે. હાલમાં બેન્કોની એનપીએ ૯૦લાખ કરોડ છે.બેન્કોએ આપેલી લોન પાછી ફરતી નથી એ હકીકત છે અને બન્કો દેવામાં ડુબી ગઇ છે.સરકારે બેન્કોને સહાય કરી બેઠી રાખે છે.પરંતુ સરકારી સહાયથી ક્યાં સુધી બન્કોનો વહીવટ ચાલશે તે પણ એક પ્રશ્ન છે.

બીજી તરફ કોગ્રેસનો આક્ષેપ છે કે ભાજપ સરકાર ૨૦૦૮થી ૨૦૧૩સુધીમાં બેન્કોનો હિસાબ રજુ કરી છે. પરંતુ અમે ૨૦૧૪થી ૨૦૧૮ સુધીમાં બેન્કોની એનપીએ કેટલી વધી ? આ ચાર વર્ષ દરમિયાન બેન્કોએ કેટલા લોકોને લોન આપી અને કેટલા રુપીયા ડુબી ગયા. કોગ્રેસના નેતા ચિદામ્બરમે કહ્યુ છે કે આ અંગેનો પ્રશ્ન અમે સંસદમાં પુછ્યો છે પરંતુ અત્યાર સુધીમાં તેનો કોઇ જવાબ આપવામાં આવ્યો નથી.ચિદમ્બરમ કહે છે કે વડાપ્રધાન જ્યારે કહે છે કે યુપીએ સરકારના સમયમાં આપેલી લોનો ડુબી ગઇ છે આ વાતને સાચી માનવામાં આવે તો પણ આમાંની કેટલી લોનો એનડીએ સરકારમાં નવીનીકરણ કરવામાં આવ્યુ અને એમાંતી કેટલી લોનો રોલ ઓવર કરાઇ ? તેનો જવાબ ભાજપ સરકારે આપવો પડશે.

બેન્કોના એનપીએના મુદ્દે ફરી એક વાર દેશમાં રાજકીય આક્ષેપબાજીઓ શરુ થઇ ગઇ છે.આગામી દિવસોમાં ચુંટણીઓ આવી રહી છે ત્યારે આક્ષેપબાજી વધુ તીવ્ર બનવાની છે.ત્યારે બન્કોએ ધીરેલા નાણાં દેશના લોકોના છે આ રુપીયા પરત આવે તે દિશામાં નક્કર કાર્યવાહી થાય તે જરુરી છે.

(સાભારઃ સંદેશ)

# તેલંગાણા વિધાનસભાની ચુંટણીઓમાં મહાગઠબંધન ટીઆરએસ સામે ચુંટણી લડશે

તેલંગાણા વિધાનસભા ભંગ કરવાનો કાર્યકારી મુખ્યમંત્રી કે. ચંદ્રશેખર રાવનો દાવ ઉલ્ટો પડે તેવા સંજોગો સર્જાયા છે.તેલંગાણામાં ટીઆરએસ ને સત્તામાંથી ઉખેડી બહાર ફેકવા માટે કોગ્રેસ,ટીડીપી અને ડાબેરીઓ પાર્ટીઓ હાથ મિલાવીને એક સાથે ચુંટણી લડવા નિર્ણય કર્યો છે.

ત્રણેય પાર્ટીઓ સાથે મળીને ચુંટણી મેદાનમાં ઉતરશે તો કે.ચંદ્રશેખર રાવ માટે ફરી સત્તામાં આવવું સરળ રહેશે નહી.વિપક્ષે ખેલેલા નવા દાવને કારણે ટીઆરએસની મુશ્કેલીઓ વધી છે.તેલંગાણા રાજ્યની ત્રણ મુખ્ય વિપક્ષી પાર્ટીએ ટીઆરએસ વિરુધ્ધ મહાગઠબંધન બનાવવાનું એલાન કર્યુ છે.જેમાં કોગ્રેસ, ટીડીપી અને કોમ્યુનીસ્ટ પાર્ટી ઓફ ઈન્ડીયા(સીપીઆઈ) સામેલ છે.તેલંગાણા પ્રદેશ કોગ્રેસ કમિટીના પ્રમુખ એન.ઉત્તમકુમાર રેડ્ડીએ આ સંકેત આપ્યા હતા.તેમણે કહ્યુ હતું કે અમે તમામ સાથે મળીને ટીઆરએસને સત્તામાંથી ઉખેડી ફેકી દઈશું. કારણકે વર્તમાન ટીઆરએસ સરકારે તેલંગાણાને બરબાદ કરી નાંખ્યુ છે. જો કે ટીઆરએસને ભાજપે ટેકો આપ્યો છે તેથી ભાજપ સાથે ટીઆરએસ જોડાણ કરીને કેવો પરચો બતાવી શકે છે તે પરિણામો બાદ ખબર પડશે.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીઆદ.

મો.૯૮૯૮૩૧૮૯૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

**વિનંતી**



**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્શન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્કઃ જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.